દાખલ તારીખ : ૦૯/૦૧/૨૦૨૫

રજી.તારીખ : ૦૯/૦૧/૨૦૨૫
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
અવધી: ૦૧ વર્ષ ૦૧ માસ ૨૬ દિવસ

---

**મહે.પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, બાયડ,**
**મુ. બાયડ, જી. અરવલ્લી.**

---

**રે.દી.મુ.નં.૦૪/૨૦૨૫**
**આંક:-**

બેંક ઓફ બરોડા,અમીયાપુર શાખા વતી મેનેજર મોહમંદ સફદર અલી
ધંધો: નોકરી
અમીયાપુર,તા.બાયડ,જી.અરવલ્લી. **:::::: વાદી**

વિ રૂ ઘ્ધ....

ગોબરસિંહ કાળુસિંહ સોલંકી,
ઉ.વ.આ. ૫૯, ધંધો: ખેતી તથા પશુપાલન,
રહે.ચાંદરેજ,તા.બાયડ,જી.અરવલ્લી **::: પ્રતિવાદી**

**દાવો :-** **રૂા.૨,૦૨,૯૮૨/-ની રકમ વસુલ લેવા અંગે**.

---

વાદી પક્ષ તરફે : વિ.વ. શ્રી એ.એમ.કોઠારી
પ્રતિવાદી તરફે : વિ.વ.શ્રી ----------

---

**-:: ઠ રા વ ::-**

(૧) વાદીના દાવાની ટુકમાં હકીકત જોતા એવી છે કે, વાદી બેંક ઓફ બરોડા બેંક એ રાષ્ટ્રીયકૃત બેંક છે જેની હેડ ઓફીસ વડોદરા મુકામ આવેલ છે તથા ઝોનલ ઓફિસ અમદાવાદ મુકામે આવેલી છે જેની એક બ્રાંચ અમીયાપુર,તા.બાયડ,જી.અરવલ્લીમાં આવેલ છે.આ કામના પ્રતિવાદી ખેતી તેમજ પશુપાલનનો વ્યવસાય કરે છે.આ કામના પ્રતિવાદીએ પશુપાલન માટેની લોન મેળવવા વાદી બેંકને તા.૧૨/૧૧/૨૦૨૧ નારોજ લોન એપ્લીકેશન આપી લોનની રૂા.૧,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) માંગણી કરેલ,જેથી વાદી બેંક દ્રારા સદર લોન મંજુર કરેલ તેમજ તે અંગે સેન્કશન લેટર આપી તા.૧૬/૧૧/૨૦૨૧ નારોજ રૂા.૧,૫૦,૦૦૦/- પુરાની લોન મંજુર કરેલ અને પ્રતિવાદીએ બેંકની ધિરાણની શરતો પ્રમાણે વાદી બેંકને સદર લોન પર વ્યાજનો દર લેતા સમયે ૭.૫૫ % પ્રમાણે નકકી કરવામાં આવેલ હતુ.તેમજ બેંકીંગના વખતો વખતના ધારા ધોરણ મુજબ પ્રતિવાદી વ્યાજ આપવા બંધાયેલા છે.સદર કામના પ્ર તિવાદીએ મેળવેલ લોન પરત ભરપાઈ કરવામાં ગંભીર પ્રકારની બેદરકારી દાખલવેલ છે અને મેળવેલ લોન બાબતે બેંકના તમામ નિતી નિયમોનુ પાલન કરેલ નથી.જેથી તેઓનુ સદર લોન ખાતુ તા.૧૩ /૦૨/૨૦૨૩ નારોજથી એન.પી.એ. થયેલ છે.પ્રતિવાદીએ મેળવેલ લોન અંગે તા.૧૬/૧૧/૨૦૨૧ નારોજ ડી.પી.નોટ વાદી બેંકને કરી આપેલ છે.

(૨) વધુમા વાદી દવારા પોતાની દાવા અરજીમા પ્રતિવાદીએ મેળવેલ લોન અંગે લેટર ઓફ કન્ટીન્યુઈંગ સિકયોરીટીનો કરાર વાદી બેંકને કરી આપેલ છે.આ કામના પ્રતિવાદીએ મેળવેલ લોન અંગે તા.૧૬/૧૧/૨૦૨૧ નારોજ કોમ્પોઝીટ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર ફાઈનાન્સનો કરાર વાદી બેંકને કરી આપેલ છે તથા પ્રતિવાદીએ લોન અંગે તા.૧૬/૧૧/૨૦૨૧ નારોજ અન્ડરટેકીંગનો કરાર વાદી બેંકને કરી આપેલ છે.પ્રતિવાદીએ મેળવેલ લોન અંગે તા.૦૧ /૦૭/૨૦૨૪ નારોજ લેટર ઓફ એકનોલેજમેન્ટ ડેબ્ટનો કરાર વાદી બેંકને કરી આપેલ સદર લોન રીન્યુ કરેલ છે.

(૩) વધુમા વાદી તેમની દાવા અરજીમા જણાવેલ છે કે, સદર બાકી રકમની વારંવાર ઉઘરાણી કરી કરાવેલ હોવા છતા આ કામના પ્રતિવાદી સદર બાકી રકમ બેંકમાં ભરપાઈ કરેલ ન હોય જેથી સદર રકમ વ્યાજ અને ખર્ચ સહીત વસુલ મેળવવા માટે હાલનો આ દાવો દાખલ કરવાની જરૂર ઉભી થયેલ હોવાનુ જણાવી હાલનો આ દાવો સમય મર્યાદામા કરેલ છે. અને દાવા અરજીના પેરા ૧૭ મા જણાવ્યા મુજબની દાદ અગર દાદો મંજુર કરવા અરજ કરેલ છે.

(૨) સદરહુ કામના પ્રતિવાદીઓને વાદીની દાવા અરજીનો સમન્સ બજાવવા માં આવતા સદરહુ સમન્સ બજી ગયેલ અને પ્રતિવાદીએ જાતે કે તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ રજુઆત ન કરેલ હોય પ્રતિવાદી સામે દાવાની કાર્યવાહી એકતરફી ચલાવાવનો હુકમ કરવમાા આવેલ છે.

(૩) જેથી તે મુદ્દાઓ પુરવાર કરવા માટે આ કામે વાદી તરફે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવા ::**

(૧) આંક–૦૮ થી રોહિતકુમાર અજયકુમાર યાદનાઓની લેખીત સરતપાસ.

**: દસ્તાવેજી પુરાવો :**

(૧) આંક–૧૦ થી પ્રતિવાદીએ આપેલ લોન મેળવવા માટેને એપ્લીકેશન

(૨) આંક–૧૧ થી પ્રતિવાદીના લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટની

(૩) આંક –૧૨ પ્રતિવાદીનો લોન એકાઉન્ટના એન.પી.એ.એકાઉન્ટ સ્ટેટમેન્ટની કોપી

(૪) આંક–૧૩ પ્રતિવાદીએ મેળવેલ લોન અંગે ડી.પી.નોટ

(૫) આંક–૧૪ પ્રતિવાદીએ કરી આપેલ લેટર ઓફ કંટીન્યુઈંગ સિકયોરીટીનો કરાર

(૬) આંક–૧૫ પ્રતિવાદીએ મેળવેલ લોન અંગેનો કોમ્પોઝીટ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર ફાઈનાન્સનો કરાર

(૭) આંક–૧૬ પ્રતિવાદીએ મેળવેલ લોન અંગેનો અન્ડરટેકીંગનો કરાર

(૮) આંક–૧૭ પ્રતિવાદીએ મેળવેલ લોન અંગેનો લેટર ઓફ એકનોલેજમેન્ટ ડેબ્ટ કરાર

(૯) આંક –૧૮ પ્રતિવાદીના સરનામે આપેલ નોટીસની ઓ.સી.કોપી

(૧૦) આંક – ૧૯ પ્રતિવાદીને નોટીસ સરનામે આર.પી.એડી કર્યાની પોસ્ટની સ્લીપ

(૧૧) આંક – ૨૦ પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ તે અંગેનુ પોસ્ટનુ ટ્રેકીંગ સર્ટીફીકેટ

(૧૨) આંક –૨૧ પ્રતિવાદીને લોક અદાલત અંગે પ્રીલીટીગેશનની આપેલ નોટીસની કોપી

(૧૩) આંક–૨૫ થી પ્રતિવાદીએ આપેલ લોન મેળવવા માટેને એપ્લીકેશન અસલ

(૧૪) આંક– ૨૬ થી પ્રતિવાદીએ મેળવેલ લોન અંગે ડી.પી.નોટ અસલ.

(૧૫) આંક–૨૭ થી હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર ફાઈનાન્સનો કરાર

(૧૬) આંક–૨૮ થી લોન અંગેનો અન્ડરટેકીંગનો કરાર અસલ.

(૧૭) આંક–૨૯ થી લેટર ઓફ એકનોલેજમેન્ટ ડેબ્ટ કરાર અસલ.

(૧૮) આંક–૩૦ થી લોન અંગેનો લેટર ઓફ એકનોલેજમેન્ટ ડેબ્ટ કરાર અસલ.

(૪) આ કામે વાદી તરફથી આંક–૨૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે જયારે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(૫) આ દાવા કામે ન્યાયી નિર્ણય અંગે આંક–૦૬ થી નીચે મુજબના મુદ્દા ઘડેલ છે.

-:: **<u>I S S U E S</u>** ::-

1. Whether the plaintiff proves that, amount of Rs.2,02,982/- is outstanding from defendant no.1?
2. Whether the plaintiff proves that, Plaintiff is entitled to recover outstanding amount of Rs.2,02,982/- from defendants?
3. Whether the plaintiff's suit is barred by law of limitation?
4. Whether the plaintiff is entitled for interest on outstanding amount? if yes, at what rate?
5. Whether the plaintiff is entitled for the relief claimed?
6. What order or decree?

(૬) ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| મુદા નં.૧ | – | હકારમાં |
| મુદા નં.૨ | – | હકારમાં |
| મુદા નં.૩ | – | નકારમાં |
| મુદા નં.૪ | – | હકારમા ૭.૫૫% ના ચડત વ્યાજ દરે. |
| મુદા નં.૫ | – | હકારમાં |
| મુદા નં.૬ | – | આખરી હુકમ મુજબ. |

**<u>::: કા..ર..ણો :::</u>**

**(૭)** આ દાવો દિવાની દાવો છે અને કાયદાના સ્થાપિત સિધ્ધાંતો અનુસાર દિવાની કેસ સંભવિતતાની સમતુલા પર નકકી કરવાના રહે છે અને દિવાની કાયદામાં શંકાથી પર હકીકતો પુરવાર કરવાની રહેતી નથી. વધુમાં દિવાની કેસોમાં વાદીએ પોતાના દાવાની હકીકતો પોતાના પગ પર જ પુરવાર કરવાની રહે છે અને તે પ્રતિવાદીની નિષ્ફળતાઓ કે દુર્બળતાથી પોતાનો કેસ સાબિત કરી શકતા નથી. વધુમાં જયારે વાદી દવારા કોઈ પક્ષનિવેદન કરવામાં આવેલ હોય અને કોઈ મુદ્દો ઉપસ્થિત

કરવામાં આવેલ હોય ત્યારે પ્રતિવાદી તરફથી તે મુદ્દાનો ઈન્કાર કરેલ હોય ત્યારે વાદીએ હકારાત્મક પુરાવો રજુ કરી એ મુદ્દો મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરવાનો રહે છે. વધુમાં આ અદાલતના મતે દિવાની કેસોમાં પક્ષનિવેદન, પુરાવાઓ અને પુરાવાની સાબિતી એકસૂત્રતાથી પુરવાર થયે વાદીના દાવામાં હુકમનામું થાય છે અને જો વાદી તેઓનો દાવો આ રીતે સાબિત કરવામાં નિષ્ફળ જાય તો તેના દાવામાં હુકમનામું કરી શકાય નહિ. પુરાવાનો બોજો અને પુરાવાનું ભારણ બંને અલગ અલગ બાબતો છે. પુરાવાનો બોજો એવી વ્યકિત પર રહે છે કે જેઓએ હકીકત સાબિત કરવાની હોય છે અને તે કયારેય તબદીલ થતો નથી પરંતુ પુરાવાનું ભારણ સતત રીતે બદલાતું રહે છે. હાલના કેસમાં વાદી જયારે દાવો લઈને આવેલ છે ત્યારે વાદી પર તેઓના દાવાની હકીકતો સાબિત કરવાનો બોજો અને જો આવી હકીકતો પુરવાર થાય તો પુરાવાનું ભારણ પ્રતિવાદી પર તબદીલ થાય છે. જો આવા ભારણ સબંધે પુરાવો રજુ થાય તો ફરી તે તબદીલ થાય છે અને પુરાવાનું ભારણ સતત રીતે બદલાતું રહે છે.

(૮) ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અનુસાર પુરાવાનો બોજો એ કાયદેસરનો બોજો છે અને કલમ ૧૦૨ અનુસારનો બોજો પુરાવા આપવાનો બોજો છે. દિવાની કેસમાં પુરાવાનો બોજો એવી વ્યકિત પર રહે છે કે જો કોઈ પુરાવો રજુ ન થાય તો તેનો કેસ નાસાબિત થાય. જો કોઈ વ્યકિત એવું ઈચ્છતી હોય કે કોઈ કાયદાકીય હકક કે જવાબદારી અંગે કોર્ટ તેઓની તરફેણમાં ચૂકાદો આપે તેવી વ્યકિતએ એવી બાબતો પુરવાર કરવાની રહે છે અને પુરાવાનો બોજો તેવી વ્યકિત પર રહે છે. આમ, પુરાવાનો પ્રથમ બોજો વાદી પર રહે છે અને જો આવો પુરાવો રજુ અને સાબિત થાય તો પુરાવાનું ભારણ પ્રતિવાદીને જાય છે અને તેણે વાદીએ આપેલા પુરાવાનું ખંડન કરવાનું રહે છે. જો પુરાવા દરમ્યાન પ્ર તિવાદી યોગ્ય પુરાવો રજુ કરે તો ફરી પુરાવાનું ભારણ વાદી પર જાય છે. આખા કેસની કાર્યવાહી થયા બાદ જો કોર્ટને એવું જણાય કે કોઈપણ વ્યકિતનો પુરાવો સાચો નથી તો તેવા કિસ્સામાં એવું ઠરાવવામાં આવે છે કે જે વ્યકિત પર પુરાવાનો બોજો હતો તે વ્યકિત આ પુરાવાનો બોજો વહન કરી શકેલ નથી. ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાને રાખી દિવાની કેસોમાં પુરાવાનું મૂલ્યાંન કરવાનું રહે છે.

**<u>મુદા નં.૧ થી ૩:–</u>**

(૯) મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદ્દાની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૯.૧) આ કામે વાદી બેન્કના બ્રાન્ચ મેનેજર <u>રોહિતકુમાર અજયકુમાર યાદવ,બેંક ઓફ બરોડા અમીયાપુર શાખાના મેનેજરને આંક–૦૮ થી</u> પુરાવા એફીડેવીટ રજુ કરી દાવા મુજબની હકિકતો જણાવેલ

છે.જ્યારે પ્રતિવાદીને વાદીની ઉલટતપાસ કરવા માટે અનેક તકો આપવા છતા પ્રતિવાદી કે તેમના વિધ્વાન વકીલશ્રી મુદતે હાજર રહેલ ન હોય પ્રતિવાદીની વાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ઉપરાંત પોતાના મૌખીક પુરાવાના સમર્થનમાં વાદી તરફે આંક -૨૫ થીપ્ર તિવાદીએ આપેલ લોન મેળવવા માટેને એપ્લીકેશન,આંક-૧૧ થી પ્રતિવાદીના લોન એકાઉન્ટના સ્ ટેટમેન્ટની,આંક-૧૨ પ્રતિવાદીનો લોન એકાઉન્ટના એન.પી.એ. એકાઉન્ટ સ્ટેટમેન્ટની કોપી,આંક-૨૬ પ્રતિવાદીએ મેળવેલ લોન અંગે ડી.પી.નોટ,આંક - ૨૭ થી પ્રતિવાદીએ કરી આપેલ લ ેટર ઓફ કંટીન્યુઈંગ સિકયોરીટીનો કરાર,આંક-૨૮ થીપ્રતિવાદીએ મેળવેલ લોન અંગેનો કોમ્પોઝીટ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર ફાઈનાન્સનો કરાર,આંક-૨૯ થી પ્રતિવાદીએ મેળવેલ લોન અંગેનો અન્ડરટેકીંગનો કરાર,આંક-૩૦ થી પ્રતિવાદીએ મેળવેલ લોન અંગેનો લેટર ઓફ એકનોલ ેજમેન્ટ ડેબ્ટ કરાર,આંક-૧૮ પ્રતિવાદીના સરનામે આપેલ નોટીસની ઓ.સી.કોપી,આંક-૧૯ થી પ્ર તિવાદીને નોટીસ સરનામે આર.પી.એડી કર્યાની પોસ્ટની સ્લીપ,આંક - ૨૦ થી પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ તે અંગેનુ પોસ્ટનુ ટ્રેકીંગ સર્ટીફીકેટ,આંક -૨૧ થી પ્રતિવાદીને લોક અદાલત અંગે પ્ર ીલીટીગેશનની આપેલ નોટીસની કોપી નુ લખાણ રજૂ કરેલ છે. જે તમામ આધારે પણ વાદી પાસે પ્ર તિવાદીએ પશુપાલન માટે લોન મેળવવા માટેની અરજીના સંદર્ભમા વાદી બેંકની શરતોને આધીન રહીને પ્રતિવાદીને તા. ૧૨/૧૧/૨૦૨૧ ના રોજ રૂા. ૧,૫૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરાની લોન મંજુર કરેલ અને પ્રતિવાદી એ બેંકની ધિરાણની શરતો પ્રમાણે વાદી બેંકને સદર લોનની રકમ ભરપાઈ કરવાની હતી અને પ્રતિ વાદીએ મજકુર લોનની રકમ પર વાર્ષીક ૭.૫૫% લ ેખે વ્યાજ ચુકવવાનુ હતુ અને જો પ્રતિવાદી નિયત સમયમા ભરપાઈ ન કરે તો પ્રતિવાદીએ સદર લોનની રકમ પર દંડનીય વ્યાજ સાથે વાર્ષીક વાદી બેંકને આપવાનુ હતુ. સદર ધિરાણ પર આર.બી.આઈ. ની સુચના અનુસાર વખતો વખત બદલતા વ્યાજના દર પ્રમાણે વ્યાજ ચુકવી આપવાની પ્ર તિવાદીએ બાંહેધરી આપેલ છે. પ્રતિવાદી એ વાદી બેંકનની તરફેણમા તા. ૧૬/૧૧/૨૦૨૧ ના રોજ ડીમાન્ડ પ્રોમીસરી નોટ- ફોર ઈન્ડીવીઝયુઅલ,લેટર ઓફ કન્ટીન્યુઈંગ સિકયોરીટીનો કરાર,કોમ્પેઝીટ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર, જનરલ અન્ડર ટેકીંગ કરાર,લેટર ઓફ એકનોલેજમેન્ટ ડેબ્ટનો કરાર વિગેરે દસ્તાવેજો વાદી બેંક ને કરી આપેલ હોવાની વિગત જણાવી, પ્રતિવાદી ઘણા વખતથી તેમના લોન ખાતાની ધિરાણની શરતોમા નકકી થયા મુજબ લોનની રકમ વાદી બેંકમા ભરતા ન હોય અને પ્રતિવાદીએ ધિરાણની શરતોનો ભંગ કરેલ હોય વાદી દવારા પ્રતિવાદી સામે ધિરાણની વ્યાજ તેમજ ખર્ચ સહીતની બાકી રકમ વસુલ મેળવવા હકદાર થયેલ હોય પ્રતિવાદીનુ ખાતુ તા.૧૩

/૦૨/૨૦૨૩ ના રોજ એન.પી.એ. થયેલ હોય અને પ્રતિવાદીને તા.૨૧/૦૯/૨૦૨૪ નારોજ નોટીસ આપી રૂા.૧,૫૦,૮૯૦/– તથા ચઢત વ્યાજ વસુલ લેવા નોટીસ આપવા છતા પ્રતિ વાદીએ સદર રકમ ભરપાઈ ન કરતા પ્રતિવાદી પાસે હાલ રૂા.૨,૦૨,૯૮૨/– વ્યાજ સહિતના અંકે રૂપીયા એક લાખ એકાંણુ હજાર છસ્સો સિત્યાસી પુરા તા.૩૦/૧૨/૨૦૨૪ સુધીમાં વાદને લોન સ્ટેટમેન્ટમાં જણાવેલ વિગતે વસુલ લેવાના થાય છે. તેમજ, સદર રકમની વારંવાર ઉઘરાણી કરી કરાવેલ હોવા છતા આ કામના પ્રતિવાદી સદર બાકી રકમ બેંકમા ભરપાઈ કરેલ ન હોય જેથી સદર રકમ વ્યાજ અને ખર્ચ સહીત વસુલ મેળવવા માટે હાલનો આ દાવો દાખલ કરવાની જરૂર ઉભી થયેલ હોવાનુ જણાવી હાલનો આ દાવો સમય મર્યાદામા હોવાનુ જણાવી હાલનો આ દાવો દાખલ કરવાનુ કાયદેસરનુ કારણ ઉભુ થયેુલ હોય અને આ કામના પ્રતિવાદીએ જે રકમ ભરપાઈ કરેલ હોય તે રકમ પ્રતિવાદીના ખાતામા જમા આપેલ હોય અને પ્રતિવાદીએ લેણુ કબુલ રાખતુ લખાણ કરી આપેલ હોય અને પ્રતિવાદીએ લોનની રકમ નિયમીત ભરપાઈ કરેલ ન હોય કે તેમનુ બાકી ખાતુ ચુકતે કર્યુ ન હોય ત્યારથી દાવો દાખલ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ હોવાનુ ફલીત થાય છે.

(૯.૨) ઉપરાંત પ્રતિવાદીએ વાદીના દાવાનો જવાબ રજુ કરેલ નથી કે પ્રતિવાદીએ કોર્ટમા હાજર રહી વિરુધ્ધનો મૌખીક કે દસ્તાવેજી કોઈ જ પુરાવો રજુ કરેલ નથી, જેથી વાદીના દાવાને વાદીના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી સંપુર્ણ સમર્થન મળતુ હોય તે નહી માનવા કોઈ કારણ નથી. આ કામના પ્ર તિવાદીઓને દાવાનો સમન્સ બજી ગયો હોવા છતાં તેમજ તેઓને પુરતી તક આપવા છતાં વાદીની સરતપાસને પડકારેલ નથી કે વાદીના સાહેદે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. તેમજ વાદીના સાહેદની ઉલટ તપાસ કરવા પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નથી. વાદીની દાવા અરજીની હકીકતોને વાદી બેંકના સાહેદની અદાલત રુબરુ ની સોગંદપરની જુબાની તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળતું હોઈ, વાદી બેંકની દાવાની હકીકતો નહીં માનવા માટે કોઈ કારણ નથી.

(૧૦) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા વાદી એ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાની વિગતે પુરાવા અધિનીયમ ૧૦૨ અને ૧૦૩ મુજબ દાવાની હકીકતો પુરવાર કરેલ છે. તેમજ આ કામના પ્રતિવાદી વાદીની બેંકમાંથી લોન લીધેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં રજુ થયેલા તમામ દસ્તાવેજો ધ્યાને લેતા પ્રતિવાદીએ લોન લીધલ હોવાનુ અને તેમ છતા પાછળથી તે લોનની ચુકવણી કરેલ ન હોવાનુ જણાઈ આવે છે. તેમજ વાદીની બેંકના પ્રતિવાદીઓ પાસે દાવામાં જણાવેલ રકમ લોન પેટેના બાકી લેણાં રહે છે. વાદી એક કોર્પોરેટ બોડી છે વાદી બેન્કના પૈસા પબ્લીક મની છે વાદી બેન્ક પાસેથી લોનની રકમ મેળવી પ્રતિવાદીએ લોનની રકમ ભરપાઈ કરેલ નથી અને ઘણા લાંબા સમયથી વાદી બેન્કની રકમ પ્ર

તિવાદીઓ પાસે બાકી લેણી રહે છે જે તમામ રકમ ભરવાની પ્રતિવાદીઓએ કોઈ જ તૈયારી દર્શાવેલ હોય તેવુ જણાતુ નથી. આ કામના પ્રતિવાદી ઓએ વાદી બેન્ક તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ખોટા છે અથવા તો તેઓએ લોન લીધેલ નથી તેવો કોઈ બચાવ કરવા તેઓને દાવાનો સમન્સ તેમજ વાદી બેન્કના વકીલશ્રી મારફતે આપવામા આવેલ નોટિસ બજી જવા છતા અદાલત સમક્ષ હાજર થયેલા નથી કે વાદીના સદરહુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. તેવા સંજોગોમાં વાદી બેંક તરફે રજુ કરેલ દસ્તાવેજો ખોટા કે ઉભા કરેલ હોવાનુ માનવાને કોઈ કારણ નથી. આમ, વાદી બેન્કે પ્રતિવાદીઓને દાવા અરજીમાં જણાવ્યા મુજબની લોન આ કામના પ્રતિવાદીને આપેલ હોવાનુ જણાય આવે છે અને સદરહુ લોનના ભાગરૂપે આ કામના પ્રતિવાદીએ ઉપરોકત દસ્તાવેજો વાદી બેન્ક જોગ કરી આપેલ હોવાનુ અને પાછળથી તે લોનની રકમ ભરેલ ન હોવાનુ પણ જણાય આવે છે. તેમજ આ કામે લોન મંજુર કરેલ અને ત્યારબાદ બાકી લેણા વસુલાત માટેની સમયમર્યાદા ચાલુ હોય તે દરમિયાન પ્ર તિવાદીએ તેઓની લોન અંગે ના રજુ કરવામા આવેલ રીવાઈવલ લેટર લખી આપેલ અને તે આ રીવાઈવલ લેટર લખી આપેલ ત્યારથી લીમીટેશન એકટમાં આપવામાં આવેલ સમયમર્યાદામાં જ હાલનો દાવો વાદીએ દાખલ કરેલ છે અને જેના કારણે વાદીએ હાલનો દાવો સમય મર્યાદામાં દાખલ કરેલ હોવાનુ ફલીત થાય છે. આમ, સદરહુ વાદી તરફથી રજુ થયેલ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવો ધ્યાને લેતા, પ્ર તિવાદી પાસે વાદી બેંકના લોન તથા તેના વ્યાજ સહિતના દાવા અરજીમાં જણાવેલ રકમ પુરા બાકી હોવાનુ અને તે રકમ વાદી  વસુલ મેળવવા હકકદાર હોવાનુ સાબિત થતુ હોય જેથી મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર– ૪**

(૧૧) આ કામે મુદ્દા નં.૪ જોવામાં આવે તો વાદી બાકી લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હકદાર છે  કે કેમ ? અને વાદી જો વ્યાજ મેળવવા હકદાર છે તો કયા દરે?  તે નકકી કરવા માટે મુકરર કરવામા આવેલ છે. આ કામે વાદી કંપની દવારા પોતાની દાવા અરજીમાં પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી રકમ વસુલ મળતા સુધી ૭.૫૫ % નાં ચડત વ્યાજ સહીત વસુલ મેળવવા દાદ માંગેલી છે.જેથી ઉપરોકત વિગતે મુદા નં.૪ નો જવાબ  હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર– ૫**

(૧૨)  હવે આ કામે મુદા નં.૫ જોવામાં આવે તો વાદી કંપની દાવા મુજબની દાદ મેળવવા હકકદાર છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા ધ્યાને લેતાં વાદી આ કામના પ્ર તિવાદીઓ પાસે તેની દાવાવાળી રકમ લેણી હોવાનું પુરવાર કરવામાં સફળ થતા હોવાનું જણાય છે.

વાદી તરફથી સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ રજૂ થયેલ છે, તેને ભારતીય પુરાવા ધારાની કલમ–૩૪ અને બેંકર બુકસ ઓફ એવીડન્સની કલમ–૩ તથા **નામદાર સુપ્રિમ કોર્ટે એસ.બી.આઈ. વિ. યમુનમ ગૌરમણી સીંગના કેસમાં કે જે એ.આઈ.આર. ૧૯૯૪ (સુપ્રિમ કોર્ટ) પાના નં.૧ ૬૪૪** પર રીપોર્ટેડ થયેલ છે, તે ચુકાદા મુજબ, ન માનવાને કોઈ કારણ રહેતું નથી. વાદી પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ મેળવવા હકકદાર થાય છે અને તે લેણી રકમ ઉપર વ્યાજ ૭.૫૫ % ટકા લેવા ઉપરોકત કરેલ ચર્ચાઓને આધારે હકકદાર થતા હોય જેથી ઉપરોકત વિગતે મુદ્દા નં. ૫ નો જવાબ અંશત:હકારમાં આપવામાં આવે છે. આમ, મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં.૪ અને મુદદા નં. ૫ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં –૬ અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે અને વાદી, પ્રતિવાદીઓની તમામ પ્રકારની સ્થાવર તથા જંગમ મિલ્કત ઉપરથી વાદી બેન્કની બાકી લેણી રકમ કુલ રૂા.૨,૦૨,૯૮૨/– ( અંકે રૂપીયા બે લાખ બે હજાર નવસો બ્યાંસી પુરા) સદરહું દાવાની તારીખથી રકમ વસુલ થતા સુધીના વાર્ષિક ૭.૫૫ % ના ચડત વ્યાજ સહીત વસુલ મેળવવા હકકદાર બનતા હોવાનુ ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની બાકી લેણીતમામ રકમ હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨. વાદીના દાવાનુ ખર્ચ આ કામના પ્રતિવાદીએ ભોગવવુ.

૩. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ આખરી હુકમ આજરોજ બાયડ મુકામે તારીખ ૦૭ મી, માર્ચ,૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

બાયડ
તા.૦૭/૦૩/૨૦૨૬

( વિજય ચંદુલાલ મકવાણા )
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ
બાયડ–જીજે.૦૦૯૯૭